# બીરબલનો પર્યાવરણ પ્રેમ



એક સુંદર મઝાનું વન હતું. તે વનમાં જાત-જાતનાં અને ભાતભાતનાં ફળ-ફૂલોનો અનેરો ફાલ લહેરાઈ રહ્યો હતો. ફળોમાં કેળાં, ચીકુ, દાડમ, સફરજન, પપૈયા, નાળિયેર વગેરે હતાં. તો ફૂલોમાં ગુલાબ, મોગરો, જૂઈ, જાસૂદ, કરેણ, રાતરાણી વગેરે હતાં.

એક દિવસની વાત છે. સવારનો આહ્લાદક અને ખુશનુમા સમય હતો. ચારે તરફ મીઠી ખુશબોદાર હવા લહેરાઈ રહી હતી. ફળ-ફુલોનાં વૃક્ષો આનંદભેર ગીતો ગાઈ રહ્યાં હતાં. બરોબર આવા સમયે કેટલાક ચોર કઠિયારાઓ તે વનમાં લાકડા કાપવા માટે ઊતરી પડયા. આ જોઈ ફળ-ફૂલોનાં વૃક્ષો થરથરી ઊઠયાં. અને એકબીજા અંદરો અંદર વાતો કરવા લાગ્યા કે નક્કી આ કઠિયારાઓ તેમનો વધ કરશે જ, હોં. અને ખરેખર તે કઠિયારાઓ વનને તેમજ તેની શોભાને જોઈ આશ્ચર્યચકિત થઈ ગયા. પછી તેઓ તેમની આસે રહેલી કુહાડીઓ, કરવતો વગેરે લઈ વૃક્ષોનો વધ કરવા માટે આગળ વધ્યા.

અચાનક આવા સમયે બાદશાહ અકબરના શ્રેષ્ઠ, ઉત્તમ રત્ન સમાન એવા બીરબલ ફરતા ફરતા તે વનમાં આવી ચડયા. અને.... અને.... અચાનક તેમની નજર તે ચોર કઠિયારાઓ ઉપર પડી. આ જોઈ તેના ભવાં ચડી ગયા. પછી તેમને પડકારતાં બોલી ઊઠયા, 'અરે ઓ કઠિયારાઓ, તમો કોને પૂછીને આ વૃક્ષોનો

વધ કરી રહ્યા છો ?' કઠિયારાઓ પ્રથમ તો બીરબલને ઓળખી જ ન શક્યા, હોં. તે કઠિયારાઓ સામો પડકાર ફેંકતાં બોલ્યા. 'અરે ઓ મુસાફર, તુ તારું કામ કર અને અમને અમારું કામ કરવા દે, શું ?'

બસ, ખલાસ, બીરબલનો પિત્તો ગયો અને ત્રાડ પાડી ઊઠયા, 'અરે ઓ નિર્દયી લોકો, તમે જાણો છો ખરા કે હું કોણ છું ? તો સાંભળો, હું બાદશાહ અકબરનો વિશ્વાસુ એવો બીરબલ છું. અને તમે આ વૃક્ષોનો જે વધ કરી રહ્યા છો ને તે ગેરકાયદેસર અને ગુનાને પાત્ર છે, શું ? " આ સાંભળી કઠિયારાઓ તેમજ ફળ-ફૂલોનાં વૃક્ષ ચોંકી ઊઠયાં. કઠિયારાઓને તો લાગ્યું કે હવે આ બીરબલ તેઓને છોડશે જ નહીં અને બાદશાહને જેવી જાણ કરશે તે સાથે જ બાદશાહ તેઓને પકડીને કારાવાસમાં ધકેલી દેશે. આવો વિચાર આવતાં જ તે કઠિયારાઓ દોડીને બિરબલના પગમાં પડી માફી માંગવા લાગ્યા અને કરગવા લાગ્યા: 'બીરબલજી, અમને માફ કરો. આજ પછી અમે કયારેય આ વનમાં આવીશું જ નહીં, હોં.' બીરબલજી, અમને માફ કરો. આજ પછી અમે કયારેય આ વનમાં આવીશું જ નહીં, હોં.' બીરબલે જોયું કે તે કઠિયારાઓને અંતરથી પસ્તાવો થઈ રહ્યો છે. આથી તેઓને માફ કર્યા. આ જોઈ કઠિયારાઓ ફળ-ફૂલોનાં વૃક્ષોની બીરબલની માફી માંગતા તે વન છોડી ચાલ્યા ગયા.

બાદમાં બીરબલે તે બધાં જ ફળ-ફૂલોનાં વૃક્ષો ઉપર પ્રેમભર્યો હાહ ફેરવ્યો. આ જોઈ ફળ-ફૂલોનાં વૃક્ષો તેમને મનોમન આશીર્વાદ આપવા લાગ્યાં. હા, બીરબલને પ્રકૃતિ-પર્યાવરણ તરફ અતિશય પ્રેમ હતો, હોં.

લેખક : શૈલેશ કે. રાયચુરા